

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-33 ■ તા. 13-08-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## આપ આગામી લોકસભા ચૂંટણીમાં દિલ્હીમાં ભાજપને આપશે મોટો ઝટકો આપશે ! કેજરીવાલની પાર્ટીને બે સીટ મળી શકે છે





નવીદિલ્હી,તા.૧૨

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં હવે બહું ઝાઝો સમય નથી. ત્યારે આ મહાસંગ્રામમાં કોની સરકાર બનશે તે તો ચૂંટણીના પરિણામો જ નક્કી કરશે. તે પહેલા વિપક્ષનું ગઠબંધન ઈન્ડિયા બન્યા બાદ એક સર્વે કરવામાં આવ્યો. જેમાં દેશની રાજધાની દિલ્હીની લોકસભા બેઠકો અંગે ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે. તેના માધ્યમથી લોકોના મન ટટોળવાની કોશિશ કરાઈ છે કે જો અત્યારે લોકસભા ચૂંટણી થાય તો કોને કેટલી સીટો મળી શકે. તાજા ઓપિનિયન પોલમાં આમ તો ત્રીજી વખત પણ ભાજપના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર બનતી જોવા મળી રહી છે.

સર્વે મુજબ દેશમાં ભાજપના નેતૃત્વવાળા એનડીએ ગઠબંધનને ૩૧૮ બેઠકો મળવાનું અનુમાન છે. ભાજપને એકલા હાથે ૨૯૦ સીટો મળી શકે છે. જ્યારે તેનાથી ઉલટું ઈન્ડિયા ગઠબંધનને ૧૭૫ સીટો મળવાનું અનુમાન છે. કોંગ્રેસને ૬૬ બેઠકો પોતાના દમ પર મળી શકે છે. જો ૨૦૨૪માં ચૂંટણીના પરિણામ પણ આ રીતે જોવા મળે તો કોંગ્રેસ જે ૧૦ વર્ષથી સત્તાથી બહાર છે તેણે હજુ ૫ વર્ષ રાહ જોવી પડી શકે છે.દિલ્હીની લોકસભા સીટ વિશે વાત કરીએ તો રાજધાનીની તમામ ૭ લોકસભા બેઠક પર છેલ્લી બે વખતથી ભાજપનો એકતરફી કબજો રહ્યો છે. દિલ્હીવાળા પાસેથી ભાજપને મળેલા આ અપાર મતોમાં શું કેજરીવાલ આ વખતે ગાબડું પાડી શકે છે? સર્વે મુજબ ભાજપને દિલ્હીમાં બે સીટોનું નુકસાન થઈ શકે છે. જેનો સીધો ફાયદો આપને મળતો જોવા મળે છે.

દિલ્હીમાં જો અત્યારે લોકસભા ચૂંટણી થાય તો ભાજપને ૫ બેઠક મળે તેવી શક્યતા છે. જ્યારે બે સીટ વિપક્ષના ગઠબંધનને જઈ શકે છે. અરવિંદ કેજરીવાલની પાર્ટી આપ ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે. જો આમ થાય તો લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનું પહેલીવાર દિલ્હીમાં ખાતું ખુલી શકે છે. બે સીટ ત્યારે મળી શકે જ્યારે છછઁ અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડે.આમ આદમી પાર્ટીની કુલ બેઠકોની વાત કરીએ તો દિલ્હીમાં બે સીટ સાથે કુલ ૧૦ સીટ મળે તેવો અંદાજ છે. કેજરીવાલની પાર્ટીને પંજાબમાં પણ લોકસભા સીટોમાં વધારો થાય તેવો અંદાજો છે. પંજાબમાં હાલ લોકસભાની કુલ ૧૩ બેઠકો છે. સર્વે મુજબ રાજ્યની તમામ સીટો ઈન્ડિયા ગઠબંધનને જાય તેવું અનુમાન છે. જેમાંથી આમ આદમી પાર્ટીને ૮ બેઠકો અને કોંગ્રેસને અન્ય ૫ બેઠકો મળે તેવી ધારણા છે.

## પંજાબમાં શરૂ થયો પક્ષપલટાનો ખેલ, પંચાયત ચૂંટણી પહેલા આ લોકો આપમાં જોડાયા

ચંડીગઢ,તા.૧૨

પંજાબ પંચાયત ચૂંટણી: પંચાયત ચૂંટણીની જાહેરાત સાથે જ પંજાબમાં પક્ષપલટાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પંજાબમાં ૩૧મી ડિસેમ્બરે પંચાયત સમિતિ અને ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે. પંજાબ સરકાર દ્વારા શુક્રવારે પંચાયત ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે અને રાજ્યની તમામ ગ્રામ પંચાયતો, જિલ્લા પરિષદો અને પંચાયત સમિતિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે, ત્યારબાદ ગામડાઓમાં પક્ષપલટાનો ખેલ શરૂ થયો છે.

આપ પંજાબના ટ્વિટ એકાઉન્ટ પરથી એક પોસ્ટ શેર કરવામાં આવી છે, જેના પર લખવામાં આવ્યું છે કે આપના પૂર્વ સરપંચ અને પરચમ ગામના સરપંચ ડુગરી રાજપૂતા પંજાબના દરેક ગામમાં તેમના સેંકડો સાથીઓ સાથે આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. ભગવંત માન સરકારની જનહિતકારી નીતિઓથી પ્રભાવિત થઈને પંજાબના દરેક ખૂણેથી લોકો આપમાં જોડાઈ રહ્યા છે. અમે સાથે મળીને 'રંગલા પંજાબ' બનાવીશું.

જાલંધર લોકસભા પેટાચૂંટણી પહેલા પણ રાજકીય પક્ષોમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. ઘણા નેતાઓ અહીંથી ત્યાં ગયા હતા. કોંગ્રેસમાંથી આમ આદમી પાર્ટીમાં જોડાયેલા સુશીલ કુમાર રિંકુને પણ ભગવંત માન સરકારનો ફાયદો મળ્યો. આપએ સુશીલ કુમાર રિંકુને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા અને તેમણે મોટી જીત નોંધાવી.

પંજાબમાં ૧૩ હજાર ગ્રામ પંચાયતો એવી છે જેમાં ચૂંટણી થવાની છે. પંજાબ સરકારે આદેશ જારી કરીને પંજાબ પંચાયતી રાજ અધિનિયમ, ૧૯૯૪ની કલમ ૨૯-છ હેઠળ ગ્રામ પંચાયતોને વિસર્જન કરી દીધી છે. આ સાથે સરકારે પંચાયતો માટે મેનેજરની નિમણૂક કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. જે પંચાયતો ચાર્જ સંભાળે ત્યાં સુધી પંચાયતોના તમામ કાર્યો અને સત્તાનો ઉપયોગ કરી શકશે. સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવતા મેનેજરોને ૧૪ ઓગસ્ટ સુધીમાં ગ્રામ પંચાયતોને પેનડ્રાઈવ સહિત સોફ્ટ કોપી દ્વારા પ્રોફોર્માનું વિતરણ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

પંજાબ સરકાર દ્વારા પંચાયત સમિતિઓ અને ગ્રામ પંચાયતોની ચૂંટણીની તારીખ નક્કી કરવામાં આવી છે. જે મુજબ પંચાયત સમિતિઓની ચૂંટણી ૨૫મી નવેમ્બરે જ્યારે ગ્રામ પંચાયતોની ચૂંટણી ૩૧મી ડિસેમ્બરે યોજાશે.

## ભારતે નાઈજરમાં વ્યાપક હિંસાને ધ્યાનમાં રાખીને ત્યા રહેનારા ભારતીય નાગરિકોને દેશ છોડવાની સલાહ આપી

નવીદિલ્હી,તા.૧૨

ભારતે પશ્ચિમ આફ્રિકી દેશ નાઈજરમાં વ્યાપક હિંસાને ધ્યાનમાં રાખીને અહીં રહેનારા ભારતીય નાગરિકોને દેશ છોડવાની સલાહ આપી છે. અધિકારીઓના અનુસાર હાલમાં લગભગ ૨૫૦ ભારતીયો નાઈજરમાં વસવાટ કરી રહ્યા છે.ત્યાં ગયા મહિને તખ્તાપલટ થયા બાદ વ્યાપક વિરોધ પ્રદર્શન અને હિંસા જોવા મળી રહી છે. અનેક યૂરોપીય દેશોએ પોતાના નાગરિકોને નાઈજરથી કાઢ્યા છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે જે લોકો નાઈજરની યાત્રા કરવાની યોજના બનાવી રહ્યા છે તેઓએ સ્થિતિ સામાન્ય થવાની રાહ જોવી અને પછી યોજનાઓ પર પુનવિચાર કરવો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ એક મીડિયા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે ભારત નાઈજરમાં ચાલી રહેલા ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યું છે. તેઓએ કહ્યું હાલમાં સ્થિતિને ધ્યાનમાં રાખીને જે ભારતીય નાગરિકો માટે અહીં રહેવું જરૂરી નથી. તેમને જલ્દી જ દેશ છોડવાની સલાહ આપવામાં આવે છે. બાગચીએ એમ પણ કહ્યું કે હાલમાં એરપોર્ટ બંધ છે. અહીંથી પરત ફરતા સાવધાની રાખવાની જરૂર છે. તેઓએ કહ્યું કે એ તમામ ભારતીયો કે જેઓએ નિયામીમાં રજિસ્ટ્રેશન કરાવ્યું નથી તેમને જલ્દી રજિસ્ટ્રેશન કરાવવાની સલાહ આપવામાં આવે છે. ભારતીય નાગરિકો કોઈ પણ મદદ માટે ભારતીય દૂતાવાસ નિયામીમાં સંપર્ક કરી શકે છે.

જનરલ અબ્દુર્રહમાન ત્વિયાનીએ ૨૬ જુલાઈએ નાઈજરમાં તખ્તાપલટ કરીને રાષ્ટ્રપતિ મોહમ્મદ બજૌમને હટાવીને સત્તા પર કબ્જો કર્યો છે. રાષ્ટ્રપતિ બજૌમને તખ્તાપલટ બાદથી તેમની પત્ની અને દીકરાની સાથે નિયામીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાખવામાં આવ્યા છે, આ અઠવાડિયે નાઈજરના નવા સૈન્ય શાસને સત્તા પર પકડ મજબૂત કરવા માટે પગલા લીધા છે અને મધ્યસ્થતાના આંતરરાષ્ટ્રિય પ્રયાસને નકારી દીધા છે. આ સમયે પશ્ચિમી આફ્રિકી નેતાઓ દ્વારા મોટા પાયે સૈન્ય હસ્તક્ષેપની સંભાવનાની વચ્ચે નાઈજર તખ્તાપલટના નેતાઓને ધમકી આપી રહ્યું છે. જો પાડોશી દેશ અપદસ્થ રાષ્ટ્રપતિ મોહમ્મદ બજૌમને શાસનને ચલાવવાની કોશિશ કરશે તો તેઓ બેજોમને મારી નાખશે.રિપોર્ટ અનુસાર ૨ પશ્ચિમી અધિકારીઓએ ગુરુવારે કહ્યું કે અમેરિકી વિદેશ રાજ્યમંત્રી વિક્ટોરિયા નૂલેન્ડની સાથે એક બેઠકના સમયે નાઈજરના સૈન્ય નેતાઓએ કહ્યું કે પશ્ચિમ અફ્રીકી બ્લોક કોઈ પણ સૈન્ય બળનો ઉપયોગ કરે છે તો બેજોમની હત્યા કરી દેવામાં આવશે.

## રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરાતા સાંસદ રાઘવ ચઢ્ઢાએ બદલ્યું ટ્વિટર બાયો, લખ્યું રાજ્યસભાના સસ્પેન્ડેડ સાંસદ

નવીદિલ્હી,તા.૧૨

આપ સાંસદ રાઘવ ચઢ્ઢાને દિલ્હી સર્વિસ બિલ અંગે પાંચ સાંસદોની નકલી સહી કરવાના આરોપમાં રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શનિવારે રાઘવ ચઢ્ઢાએ વિરોધ કરવા માટે રાજ્યસભાના સસ્પેન્ડેડ સાંસદ લખવા માટે તેમનું ટ્વિટર બાયો બદલી નાખ્યું છે.

રાઘવ ચઢ્ઢા વિશેષાધિકાર સમિતિનો રિપોર્ટ આવે ત્યાં સુધી રાજ્યસભામાંથી સસ્પેન્ડ રહેશે. આ પહેલા આપ સાંસદ સંજય સિંહને પણ રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સંજય સિંહનું સસ્પેન્શન પણ લંબાવવામાં આવ્યું છે.

આમ આદમી પાર્ટીના રાઘવ ચઢ્ઢા અને સંજય સિંહને વિશેષાધિકાર સમિતિના નિર્ણય સુધી રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ પહેલા પણ રાઘવ ચઢ્ઢાએ ટ્વિટ કરીને લખ્યું હતું કે સંસદમાં મારો શું ગુનો છે. સંસદમાં ઉભા રહીને મેં વિશ્વની સૌથી મોટી પાર્ટીના મોટા નેતાઓને પ્રશ્નો પૂછ્યા હતા. દિલ્હી સેવા બિલ પર ભાજપના મોટા નેતાઓ પાસેથી ન્યાયની માંગ કરી હતી. ભાજપને સંસદમાં અરીસો દેખાડવામાં આવ્યો. આ અઠવાડિયે મને વિશેષાધિકાર સમિતિ તરફથી બે સૂચનાઓ મળી. કોઈ રેકોર્ડ નથી. આ સત્રમાં આપના ત્રણ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સંજય સિંહ, સુશીલ રિંકુ અને હું. હવે હું મારી વાત વિશેષાધિકાર સમિતિ સમક્ષ મૂકીશ.

રાઘવ ચઢ્ઢાએ તેમના પર લાગેલા આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે તેમની વિરુદ્ધ ખોટો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ભાજપને પડકાર આપતા રાઘવ ચઢ્ઢાએ તેમની કથિત નકલી સહીવાળા દસ્તાવેજોને સાર્વજનિક કરવાની પણ માંગ કરી છે. આપ સાંસદે આરોપ લગાવ્યો કે ભાજપ તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

## ગુજરાતમાં ૫ વર્ષમાં કુલ ૧૯.૦૩ લાખ બેરોજગારો નોંધાયા




રાજ્યમાં ૧૭.૨૬ લાખ શિક્ષિત બેરોજગારો અને ૧.૭૬ લાખ અર્ધશિક્ષિત બેરોજગાર; ભરતી મેળામાં માત્ર ૫૧ ટકા બેરોજગારોને જ પ્લેસમેન્ટ મળ્યું

ગુજરાતમાં છેલ્લાં ૫ વર્ષમાં કુલ ૧૯.૦૩ બેરોજગારોએ રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી કરાવી છે. જે પૈકી ૧૭.૨૬ લાખ શિક્ષિત બેરોજગાર અને ૧.૭૬ લાખ અર્ધશિક્ષિત બેરોજગાર છે. બેરોજગારોને પ્લેસમેન્ટ આપવાની વાત કરીએ તો ૫ વર્ષમાં કુલ ૧૫.૧૧ લાખ બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે. જેમાં ૧૩.૪૯ લાખ શિક્ષિત બેરોજગાર અને ૧.૬૨ લાખ અર્ધશિક્ષિત બેરોજગારો સામેલ છે. શિક્ષિત બેરોજગાર એટલે જે વ્યક્તિએ ૧૦મું ધોરણ પાસ કર્યું હોય અને તે બેરોજગાર હોય તેને શિક્ષિત બેરોજગાર, અને જે વ્યક્તિએ ૧૦મું ધોરણ પાસ ન કર્યું હોય અને તે બેરોજગાર હોય તેને અર્ધશિક્ષિત બેરોજગાર કહેવાય છે. બેરોજગારો માટે સરકાર દ્વારા ભરતી મેળા પણ યોજવામાં આવે છે. જ્યાં મોટી કંપનીઓ આવે છે અને યોગ્ય લાયકાત ધરાવતા લોકોને નોકરી આપે છે.

ગુજરાત રાજ્યમાં બેરોજગારોની વાત કરીએ તો, પાંચ વર્ષમાં કુલ ૧૯,૦૩,૫૯૦ બેરોજગારો નોંધાયા છે. જેમાંથી ૧૭,૨૬,૭૧૬ લોકો શિક્ષિત બેરોજગાર છે અને ૧,૭૬,૮૭૪ લોકો અર્ધશિક્ષિત બેરોજગાર છે. ૨૦૨૨માં ૩,૧૦,૭૦૪ શિક્ષિત બેરોજગાર અને ૨૩,૪૨૯ અર્ધશિક્ષિત બેરોજગારો, જ્યારે ૨૦૨૧માં ૨,૮૯,૭૩૪ શિક્ષિત બેરોજગાર અને ૩૦,૨૪૩ અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયા હતા. એટલે કે એક વર્ષમાં ૨૦,૯૭૦ શિક્ષિત બેરોજગારોનો વધારો થયો હતો.તે ઉપરાંત ૨૦૧૮માં ૪,૧૧,૦૦૮, ૨૦૧૯માં ૪,૫૨,૧૧૧ અને ૨૦૨૦માં ૨,૬૩,૧૫૯ શિક્ષિત બેરોજગારો નોંધાયા હતા.

વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૨ની સરખામણી કરીએ તો, બેરોજગારોની સંખ્યામાં ૧૪ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં ૨,૯૦,૭૮૬ બેરોજગારો નોંધાયા હતા. જે ૨૦૨૦માં વધીને ૩,૩૪,૧૩૩ બેરોજગાર થયા છે. તેવી જ રીતે ૨૦૨૦માં ૨,૬૩,૧૫૯ શિક્ષિત બેરોજગારો નોંધાયા હતા. જે ૨૦૨૨માં વધીને ૩,૧૦,૭૦૪ થયા છે. કોરોનાના કારણે શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં વધારો થયો છે.

વર્ષ ૨૦૨૨માં ૩.૩૪ લાખ બેરોજગારો નોંધાયા હતા

વર્ષ ૨૦૨૨માં કુલ ૩,૩૪,૧૩૩ બેરોજગારો નોંધાયા હતા. જેમાંથી ૩,૧૦,૭૦૪ શિક્ષિત અને ૨૩,૪૨૯ અર્ધશિક્ષિત બેરોજગારો હતા. કુલ ૩,૩૪,૧૩૩ બેરોજગારો પૈકી ૨,૭૪,૮૦૦ બેરોજગારોને પ્લેસમેન્ટ મળ્યું હતું. જેમાં ૨,૫૩,૨૮૦ શિક્ષિત અને ૨૧,૫૨૦ અર્ધશિક્ષિત બેરોજગારો સામેલ છે. એટલે કે કુલ નોંધાયેલ બેરોજગારો પૈકી ૮૨ ટકા બેરોજગારોને પ્લેસમેન્ટ મળ્યું હતું.

૧૦ પાસને સૌથી વધુ પ્લેસમેન્ટ તો અનુસ્નાતક બેરોજગારને સૌથી ઓછું મળ્યું

શિક્ષિત બેરોજગારોની શૈક્ષણિક લાયકાત દીઠ પ્લેસમેન્ટની વાત કરીએ તો, છેલ્લા ૫ વર્ષમાં સૌથી વધુ ૧૦મા પાસ બેરોજગારોને પ્લેસમેન્ટ મળ્યું છે. ૧૦મું પાસ ૫,૬૬,૮૮૭ બેરોજગારોને પાંચ વર્ષોમાં પ્લેસમેન્ટ મળ્યું છે અને સૌથી ઓછું પ્લેસમેન્ટ અનુસ્નાતક થયેલા બેરોજગારોને મળ્યું છે. અનુસ્નાતક થયેલા ૨૦,૨૯૬ બેરોજગારોને પ્લેસમેન્ટ મળ્યું છે. તે ઉપરાંત ૧૨મું ધોરણ પાસ કરેલા ૫,૪૬,૩૯૦ બેરોજગારોને, સ્નાતક થયેલાને ૧,૬૫,૪૧૭ બેરોજગારોને અને ડિપ્લોમા થયેલા ૩૦,૯૫૨ બેરોજગારોને પ્લેસમેન્ટ મળ્યું છે.

## પોરબંદરમાં દેશભક્તિ સામે મોટું ષડયંત્ર : મૌલવીના ફતવા સામે ત્રણ યુવકોનો આપઘાતનો પ્રયાસ

પોરબંદર,તા.૧૨

પોરબંદરમાં રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજ અંગે વિવાદ ઉછળ્યો છે. મસ્જિદના મૌલાનાની કથિત ઓડિય ક્લીપ અંગે વિવાદમાં ખોટો કેસ કરતા ત્રણ યુવકોએ દવા પીને કર્યો આપઘાતનો પ્રયાસ કર્યો. રાષ્ટ્રગીત અંગે મૌલાનાને પૂછવા જતા વિવાદ સર્જાયો છે. જેમાં ૩ યુવકે વીડિયો બનાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઈમામમના કથિત ઉચ્ચારણના વિરોધ બાદ ફરિયાદ થઈ હતી. આપઘાતનો પ્રયાસ કરનારા યુવાનો દ્વારા એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે મુસ્લિમ સમાજના કેટલાક લોકો તેમને બદનામ કરી તેઓના વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી રહ્યા છે. દવા પીને આપઘાતનો પ્રયાસ કરનાર શકીલ યુનુસ કાદરી, સોહીલ ઈબ્રાહીમ પરમાર તથા ઈમ્તિયાઝ હારુન સીપાઇ હાલ પોરબંદરની સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. થોડા દિવસોથી સોશિયલ મીડિયામાં રાષ્ટ્રગાનમાં જય હો ન ગાવા અને રાષ્ટ્રધ્વજને સલામી નહિ આપવા અંગેનો ઓડિયો ફરતો થયો હતો. જેથી આ યુવકોએ પોલીસની હાજરીમાં મસ્જિદમાં જઈ ઈમામને આ અંગે પૂછ્યું હતું. અમે આ દેશના વતની છીએ તો રાષ્ટ્રગીત કેમ ના ગાવું, રાષ્ટ્રધ્વજને સલામી કેમ ના આપવી...જે બાદ તેમની સામે ખોટા કેસ કરવામાં આવ્યા... જો કે હવે નગીના મસ્જીદના ટ્રસ્ટી અને મુસ્લિમ સમાજના સુન્ની અંજુમને કહ્યું કે ખોટો વિવાદ ઉભો કરવામાં આવ્યો છે. અવાર નવાર આ લોકો મસ્જિદમાં જઈને મૌલવીને બદનામ કરવાનું કહેતા હતા. તેઓએ રાષ્ટ્રગીત કે રાષ્ટ્રધ્વજ અંગે કોઈ ચર્ચા કરી જ નથી.

સ્વતંત્રતા દિવસ આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પોરબંદરમાં રાષ્ટ્રગાન અને રાષ્ટ્રધ્વજ મુદ્દે પોરબંદરની મસ્જીદના મૌલાના કથિત ઓડિયો મુદ્દે વિવાદ ઉભો થયો છે. આ મુદ્દે મુસ્લિમ યુવાનો દ્વારા મૌલાનાને પુછવા જવા મામલે યુવાનો પર ગુનો નોંધાયો છે. તો સામે પક્ષે યુવાનોએ પણ દવા ગટગટાવી છે. પોલીસે હાલ બંને પક્ષે ફરિયાદ લઈ કાર્યવાહી હાથ ધરી છે.

પોરબંદરમાં મોબાઈલમા વિડીયો બનાવી ત્રણ મુસ્લિમ યુવાનો દવા પીને આપઘાત કરવાનો પ્રયાસ કરતા હોય તે પ્રકારનો વિડીયો વાયરલ થયો હતો. જેમાં યુવાનો દ્વારા એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે સમાજના મુસ્લિમ સમાજના કેટલાક લોકો તેમને બદનામ કરી તેઓના વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી રહ્યા છે. દવા પીને આપઘાતનો પ્રયાસ કરનાર આ યુવાન શકીલ યુનુસ કાદરી, સોહીલ ઈબ્રાહીમ પરમાર તથા ઈમ્તિયાઝ હારુન સીપાઈ હાલ પોરબંદરની સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

તંત્રી લેખ......

# ચૂંટણી માટે નિયુક્તિ

મુખ્ય ચૂંટણી કમિશ્નર સહિત ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ અને સેવા શરતોને નિયંત્રિત કરવા માટે કાયદાની તૈયારી ચર્ચામાં છે. પ્રસ્તાવિત બિલ અનુસાર ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિમાં દેશના મુખ્ય ન્યાયાધીશની ભૂમિકા સમાપ્ત થઈ જશે. મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નર (સેવા-નિયુક્તિ શરતો અને કાર્યકાળ) વિધેયક, ૨૦૨૩ના ગુણ-દોષ પર વિમર્શ નક્કી છે. ઉલ્લેખનીય વાત એ છે કે આ વિધેયક સર્વોચ્ચ ન્યાયાલયના હાલના એક ચુકાદાના પ્રકાશમાં તૈયાર કરવામાં આવ્યું છે. સર્વોચ્ચ ન્યાયાલયે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ સંબધે કાનૂની શૂન્યતાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રસ્તાવ અનુસાર, હવે જે ચૂંટણી કમિશ્નર કે મુખ્ય ચૂંટણી કમિશ્નર પસંદ કરવામાં આવશે, તેનો નિર્ણય વડાપ્રધાન, એક કેબિનેટ મંત્રી અને લોકસભામાં વિપક્ષના નેતા મળીને કરશે. ૨ માર્ચ ૨૦૨૩ના રોજ સર્વોચ્ચ અદાલતે ચુકાદામાં કહ્યું હતું કે જ્યાં સુધી કેન્દ્ર સરકાર ભારતના ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ સંબંધિત યથોચિત કાયદો નથી લાવતી, ત્યાં સુધી આ નિયુક્તિઓ વડાપ્રધાન, મુખ્ય ન્યાયાધીશ અને વિરોધ પક્ષના નેતાની સમિતિની સલાહ પર કરાશે. હવે સરકાર આ જ દિશામાં પહેલ કરી રહી છે.

જોકે વિપક્ષો એવી બૂમરાણ મચાવી રહ્યા છે કે પ્રસ્તાવિત સંશોધનથી દેશના મુખ્ય ન્યાયાધીશની ઉપેક્ષા થશે, પરંતુ વાસ્તવમાં આ નિર્ણય તો સરકારનો જ છે. ક્યાંકને ક્યાંક ન્યાયાધીશની નિયુક્તિમાં પણ સરકારની ભૂમિકા હોય છે. ઉચ્ચ સ્તરે થનારી કોઈપણ નિયુક્તિમાં સરકારની ભૂમિકાને નકારી ન શકાય અને તેને ખોટી પણ ન ઠેરવી શકાય. પહેલાં પણ સરકારોએ કમિશ્નરની નિયુક્તિ પ્રક્રિયા અને ચૂંટણી પંચના આકારમાં પરિવર્તન કર્યાં છે. બંધારણ અંતર્ગત ૧૯૫૦માં એક સદસ્યના ચૂંટણી પંચની રચના થઈ હતી અને ૧૫ ઓક્ટોબર, ૧૯૮૯ સુધી તે એક સદસ્યનું જ રહ્યું! તત્કાલીન સરકારે તેને બહુસદસ્ય બનાવી દીધું પરંતુ બે મહિના બાદ ફરીથી તે એક સદસ્યનું થઈ ગયું. ૧૯૯૩માં તત્કાલીન સરકારે ફરીથી તેને ત્રણ સદસ્યનું બનાવ્યું. ત્યારે પણ આરોપ લાગ્યો હતો કે ઈમાનદાર ચૂંટણી કમિશ્નર ટી.એન. શેષન પર લગામ કસવા માટે આવું કરવામાં આવ્યું છે. આજે પણ ચૂંટણી પંચ ત્રણ સદસ્યો સાથે જ કામ કરી રહ્યું છે. લોકો પંચ પાસેથી આશા રાખે છે કે અને તે સફળતાપૂર્વક ચૂંટણી પ્રક્રિયાઓને અંજામ આપતું આવ્યું છે. ન્યાયપાલિકા પહેલેથી જ પોતાના ઢગલાબંધ કેસોના બોજ તળે દબાયેલી છે, એવામાં મુખ્ય ન્યાયાધીશને કોઈ નવા કામમાં સામેલ નહીં કરવાનો નિર્ણય આવકાર્ય જ ગણવો જોઈએ. જે લોકોને શંકા છે કે તેનાથી ચૂંટણી કમિશ્નરોની નિષ્પક્ષતા પ્રભાવિત થઈ શકે છે, તો એવા લોકોને ખબર હોવી જોઈએ કે ચૂંટણીમાં થનારી કોઈપણ ગરબડ અંતે તો ન્યાયાલયમાં જ પહોંચે છે.

## પત્રાવળી-૬




જાન્યુઆરી૨૮
રવિવારની સવાર૫..

વાહ, મિત્રો – એટલે કે દેવિકાબેન, રાજુલબેન અને જુગલકિશોરભાઈ, વિષય બહુ સરસ છે, બહુપરિમાણી છે : 'શબ્દ' . એની ઉપસ્થિતિ કેટલી નાનકડી છે, પણ એની વિસ્તૃતિ? બંધ કમળને જેમ ખોલવાનું હોય છે, તેમ જ એક શબ્દનાં પટલ પણ ખોલીએ તો અંદરથી કેવા રંગ, સુગંધ, સૌંદર્ય, અને કદાચ કોઈ રાતે સપડાયેલો ભ્રમર પણ મળી આવે છે. 'શબ્દ' શબ્દનું રટણ કરતાં કરતાં અચાનક મારા મનમાં 'શબદ' શબ્દનો સાક્ષાત્કાર થયો. કેવો સાદો, અને કદાચ સાધારણ લાગે છે આ શબ્દ, નહીં? તળપદો હોય એવો. નહીં કાનો, નહીં માતર, આ શબદ એટલે વળી શું? કાંઈ ભૂલ તો નથી થતી મારી?

પણ ના, આ શબ્દ મનમાં પ્રગટ થઈ ગયો, જાણે કોઈ સ્વયંભૂ ઉપસ્થિતિ, અને મને એ આરંભ માટેના કોઈ શુકન જેવી લાગે છે. આરંભ એટલે આ પત્રાવળીમાં મારો પ્રવેશ. તો આ શબદ આવો શા માટે લાગે છે? શીખ ધર્મમાં ગુરુનો જે ઉપદેશ છે, ગુરબાની છે તે શબદ કહેવાય છે. કબીરનાં ભજનોને પણ કબીર શબદ કહે છે. તેથી 'શબદ' નો સંદર્ભ આસ્થા, ધ્યાન, ભક્તિ, અને ચિત્તની અંદરના આનંદ સાથે છે. રોજેરોજની બોલચાલથી જે બનતા હોય છે તે બધા કહેવાય છે શબ્દ, પણ એનું સાવ સાદું એક સ્વરૂપ- શબદ – ઘણો ઊંડો અર્થ પામે છે.

જોકે આવો જ અચાનક, અન્ય એક શબ્દ પણ પછી મનમાં ચકરાવા લાગેલો, ને તે છે ' પેચ' . હમણાં ગુજરાતમાં હતી, ને એક લગ્નમાં જતી વખતે અધીરાઈ કરી હશે, તે એક બુટ્ટીનો પેચ હાથમાંથી પડી ગયો. શોધવા જઈએ તો દેખાય જ નહીં. ચીજ તો સાવ નાની અમથી, આમ તો એક નાની ખીલી જ, પણ સોનાના ભાવ પ્રમાણે એની કિંમત ઘણી થાય. વળી, એટલું અમથું કરી પણ કોણ આપે? તેથી પણ એની અગત્ય ઘણી થાય છે, ભઈ!

તો આ પેચ એટલે ઘરેણાંનો બહુ જરૂરી અંશ. આ પેચ એટલે કોઈ વાસણને બંધ કરવા માટેના ઢાંકણામાં પાડેલા આંટા પણ ખરા. વાસણ ધાતુનું હોય, ને કાચનું પણ હોય. પણ વાસણ તેમજ ઢાંકણામાં આ આંટા સરખા પડ્યા ના હોય તો એ બરાબર બંધ જ નહીં થવાનું. સોનાનો નહીં, તોયે આ પેચ જો ના મળે તો પછી કંટાળીને કે ગુસ્સામાં આવીને એને પછાડો, કે પછી ફેંકી દેવા તૈયાર થાઓ.

પણ એને દાવપેચ જેવા સંદર્ભમાં જોઈએ તો જાણે એ ડરામણો શબ્દ બની જાય છે, એવું નથી લાગતું? દાવપેચ કહેતાં બીજા કેવા શબ્દો અને સંજોગો યાદ આવી જાય છે – કાવાદાવાથી માંડીને યુદ્ધ સુધીના. જાણે અશ્વત્થામાએ પસાર કરેલા કોઠાનું સ્મરણ થઈ જાય, અને મને "ગુજરાતનો નાથ"ના મુંજાલ મહેતા યાદ પણ આવે.જોકે એમની તો મુત્સદીગીરી. મુંજાલ મહેતા બળથી નહીં, પણ કળથી દાવપેચ ચલાવે. ને એ તો એક અત્યંત રસપ્રદ સાહિત્ય-કૃતિના ખૂબ વિશિષ્ટ પાત્ર, તેથી એમની સાથે સાંકળી શકાય તેવા દાવપેચનો સંદર્ભ વધારે બુદ્ધિગમ્ય અને પ્રશસ્ય લાગે છે.

ગુજરાતમાં મોટા ભાગની પ્રજા ખૂબ ઉત્સાહિત થઈ જાય છે ઉત્તરાયણ દરમ્યાન. ને તે કાંઈ સૂર્યદેવના ગોળાર્ધ-ભ્રમણથી, કે સંક્રાન્તિને કારણે નહીં. આ પ્રાકૃતિક પ્રસંગ કેટલાં શતકથી એક અપૂર્વ આનંદદાયી મહાલોકોત્સવ બન્યો હશે? રંગરંગીન કાગળના ચોરસ ટુકડા, ખરું? પણ એમને અમુક વ્યવસ્થિત રૂપ આપીને આકાશની મોકળાશમાં મોકલી દેવાય ત્યારે એમનું નામ પતંગ બને છે. ઉત્તરાયણ એટલે પતંગોત્સવ, અને પતંગ ચડાવવાનો સૌથી વધારે આનંદ મળતો લાગે છે બે કે વધારે પતંગોના પેચ દ્વારા.

આ પેચ પણ દાવપેચનો જ પ્રકાર લાગે છે. ચડાવનારાં જ નહીં, જોનારાંને પણ ઉત્સાહનું 'ઝનૂન' ચઢે છે, પોતાની ને અન્યોની દોરીઓ સાથે આંટા મરાય છે, પેચ બરાબર જામે છે; પછી ખેંચો, ઢીલ આપો, વળ ચઢાવો વગેરે કારીગીરી અજમાવાય છે. અગાશી પર કે છત પર ચઢેલાં કેટલાંયે યુવક-યુવતીઓની આંખોના પેચ પણ આ દિવસોમાં લાગી જતા હોય છે, એમ લોકબાની પાસેથી જાણ્યું છે! પેચ શબ્દ અહીં સૌથી વધારે અસરકારક રીતે પ્રયોજાતો નથી લાગતો?

બીજા કોઈ પેચ તો મને કામમાં નથી આવ્યા, પણ હા, બુટ્ટીનો પેલો ટચુકડો પેચ છેલ્લે, કબાટને ખૂણેથી, મળી આવેલો ખરો, ને ભારે નિરાંત થયેલી.

પ્રીતિ સેનગુપ્તા

# ઈડર તાલુકાના વિવિધ શૈક્ષણિક સંઘો દ્વારા મૌન ધરણાનો કાર્યક્રમ કરવામાં આવ્યો




ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિનાં આદેશ અનુસાર ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની માંગણીઓની ગત વિધાનસભાની ચૂંટણી પહેલાં સરકાર સાથે થયેલ સમાધાન અને મુખ્ય માગણીઓ જેવી કે ૧/૪/૨૦૦૫ પહેલાં સેવામાં જોડાયેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરેલ અને ફક્ત ઠરાવ જ કરવાનો બાકી હતો જે ઠરાવ થયેલ નથી, નવી વર્ધિત પેન્શનવાળા કર્મચારીઓને ૩૦૦ રજાનું નિવૃત્તી સમયે રજાનું રોકડમાં રૂપાંતર કરવી, ફિક્સ પગારના કર્મચારીઓની પાંચ વર્ષમાં નહિ વપરાયેલ મેડિકલ રજા સર્વિસ બુકમાં જમાં લેવી, માધ્યમિક શાળાનાં શિક્ષકોનો વર્કલોડમાં ઘટાડો કરવો, શિક્ષકોની અરસ પરસ બદલી પ્રાથમિક શિક્ષકો માફક કરવી વગેરે કુલ અગિયાર માગણીઓ અંગે સરકારે પરિપત્રો કરવાનું ઠરાવેલ હતું તેમ છતાં આટલો સમય ગાળો થવા છતાં પરિપત્રો ઠરાવો થયેલા ન હોવાથી તેથી અગાઉ પણ શાળામાં કાળી પટ્ટી બાંધી શૈક્ષિણક કાર્ય કરી કાર્યક્રમો આપેલ હતા તેમ છતાં પરિપત્રો નાં થતાં આજ રોજ તારીખ: ૧૨/૦૮/૨૦૨૩ ને શનિવારના રોજ તાલુકા કક્ષાએ મૌન ધરણાનો કાર્યક્રમ રાખેલ હતો. જેમાં ઈડર તાલુકાના આચાર્ય સંઘના હોદ્દેદારો, ઉચ્ચત્તર માધ્યમિક સંઘના હોદ્દેદારો, માધ્યમિક સંઘનાં હોદ્દેદારો, વહીવટી સંઘનાં હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં શિક્ષક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્ય સંઘનાં નેજા હેઠળ મૌન ધરણા કરવામાં આવેલાં હતાં.

# સ્વાતંત્ર દિને સંપૂર્ણ ભારતમાં ગૌ હત્યા પ્રતિબંધક કાયદાની ગૌ ભક્ત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પાસે અપેક્ષા – મિતલ ખેતાણી



તા. ૧૫ ઓગષ્ટ, સ્વાતંત્ર્ય પર્વ નિમીતે લાલ કિલ્લા પરથી, સમગ્ર ભારતમાં ગૌવંશ હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ લાગે તે અંગેની જાહેરાત અને તે અંગેનાં પગલાઓ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી કાર્યાન્વિત બને તેવી માંગણી મિતલ ખેતાણીએ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૮૮૩ ની સાલમાં હિન્દુ સામ્રાજયનાં સર સેનાપતી શ્રી મહાદેવ શિંદેએ ''સંપૂર્ણ ગૌવંશ હત્યા બંધી'' ની ઘોષણા લાલ કિલ્લા પરથી જ કરી હતી. તે જ રીતે ૨૦૦૮ ની સાલમાં સુપ્રિમ કોર્ટે પણ નિર્ણય આપ્યો હતો કે સંપૂર્ણ ભારત વર્ષમાં ગૌહત્યા બંધીનો આદેશ તુરંત અમલમાં લેવામાં આવે. ભારતની ગાય માનવ શરીરનાં આરોગ્ય માટે, ખેતી માટે, પર્યાવરણ સંતુલન માટે, આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, ધાર્મિક અને તમામ ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી છે અને તેનું અસ્તિત્વ આપણા સૌ મનુષ્યો માટે પણ અનિવાર્ય છે. ગાય બચશે તો સમગ્ર વિશ્વ બચશે એવું ચોકકસપણે કહી શકાય. દેશ હિત માટે પણ ગૌવંશનું સંરક્ષણ થાય તે અત્યંત અનિવાર્ય છે. ૧૫ ઓષ્ગટના દિવસે લાલ કિલ્લા પરથી ગૌ ભક્ત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હિન્દુસ્તાનમાં ગૌવંશની હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધની જાહેરાત કરે તેવી વિનંતી મોદીજીને મિતલ ખેતાણીએ કરી છે. પ્રધાનમંત્રીજી નરેન્દ્રભાઈ મોદીજીએ કલમ ૩૭૦ની નાબુદી, રામ મંદિર નિર્માણ સહિતનાં અનેક દેશભક્તિપૂર્ણ કાર્યો કર્યા છે અને આગામી દિવસોમાં યુનિફોર્મ સીવીલ કોડ જેવા અત્યંત જરૂરી કાયદા પણ લઈ આવશે તેવી આશા સમગ્ર દેશવાસીઓ કરી રહ્યા છે ત્યારે આ સત્કર્મ પણ તેમના વરદ હસ્તે થાય તેવી વિનંતી અને આશા સમગ્ર રાષ્ટ્રવાસીઓની છે. આ સત્કાર્ય થકી એક નવા ભારતનાં નવા ઈતિહાસનું નિર્માણ થશે તેવો આશાવાદ પણ મિતલ ખેતાણીએ વ્યકત કર્યો છે.

# ચેક રીટર્ન કેશમાં ડીસા કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યા..



ગત તારીખ ૮/૮/૨૦૨૩ના રોજ ડીસા સિવિલ કોર્ટમાં મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કુલદીપ આર. શર્મા સાહેબની કોર્ટનાં થરાદના એક વેપારીને યોગ્ય ન્યાય મળતા તેણે રાહતનો દમ લીધો હતો. કેશની વિગતો એવી છે કે, બનાસકાંઠા થરાદના વેપારી દશરથભાઇ ગઢવી પર તેમના પૂર્વ ધંધા ભાગીદારે ધંધા બંધ કર્યાના બે વર્ષ બાદ વેપારીને જાણ કર્યા વિના જ બેન્કમાં ચેક નાખેલ અને તે ચેક બાઉન્સ થતા તેણે દશરથભાઇ ગઢવી વિરુદ્ધ ડીસા કોર્ટમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ - ૧૩૮ મુજબ કેસ દાખલ કરેલ. દશરથભાઈને આ વાતની જાણ થતાં તેમણે વેપારીને આ રીતે હેરાન ન કરવા વિનંતી કરેલ, તેમનું કંઇ લેણું ન હતું છતાં કાંઇ હોય તો તે આપવા પણ એગ્રી થયા હતા તેમ છતાં ફરિયાદી કોઇ વાતે સહમત ન થયા અને એક નાના વેપારીને કોર્ટના ચક્કર ખાતા કરી દીધા હતા. સને ૨૦૧૯ ફરિયાદીએ ફરીયાદ દાખલ કરેલ હતી, આ કેસમાં દશરથભાઈએ ગત વર્ષે વકીલ બદલીને બીજા વકીલ રાખ્યા હતા. દશરથભાઇ ગઢવીના આ બાહોશ વકીલો રાજુદાન ગઢવી અને મહેનદ્રભાઇ ટાંકે પોતાના અસીલની સાચી વ્યથા સાંભળી આ કેશને બહુજ સારી રીતે લડ્યો હતો. મહેનદ્રભાઇ ટાંક દ્વારા ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન અમુક મુદાઓ અને એવિડન્સમાં તફાવત જણાયો હતો. નામદાર મેજિસ્ટ્રેટ કુલદીપ શર્મા સાહેબે બારીકાઈથી, ચોકસાઈથી બન્ને પક્ષોના એવિડન્સ તેમજ અભિપ્રાય જાણ્યા હતા અને આ કેશમાં આરોપી વેપારીને નિર્દોષ છોડ્યા હતા. ડીસાના વેપારી હિરેનભાઇ ભાઇચંદભાઇ પટેલ દ્વારા દશરથભાઇ ગઢવી પર સને ૨૦૧૯માં આ કોર્ટ કેશ દાખલ કરવામાં આવ્યો હતો.

# શ્રી કનૈયાબે ગ્રુપ પ્રાથમિક શાળા ના ૨૭૫ વિદ્યાર્થીઓને સ્ટેશનરી કીટ વિતરણ



**શ્રી કનૈયાબે ગ્રુપ પ્રાથમિક શાળા ના ૨૭૫ વિદ્યાર્થીઓ ને ૪૭ ડઝન નોટ બુક, ૭૬ ડઝન લોંગ બુક, ૨૭૫ પેન્સિલ બોક્સ, ૧૩ ડઝન ડ્રેસિંગ બુક,૧૩ ડઝન ક્રેયોન કલર્સ નું વિતરણ કરવામાં આવ્યું મુંબઈ સ્થિત દાતા બીજલબેન જગડ, મહિન્દ્રભાઈ ગડા અને એમના સાથીદારના સાથ સહકારથી વિતરણ કરવામાં આવ્યું.**

# થરાદના ભૂરિયા મૂકામે રામકથામાં જગત કલ્યાણ માટે ૧૪૭મો પાઠ થયો ગૌશાળા ના લાભાર્થે સંતવાણી યોજાશે સ્કૂલના બાળકોને બટુક ભોજન અપાશે




થરાદ તાલુકાના ભૂરિયા ગામે ૧૧મુખી હનુમાનજી આશ્રમ ખાતે ૧૧મુખી હનુમાનજી ની પથ્થરની વિરાટ મૂર્તિ નિર્માણ નુ કામકાજ ચાલુ છે અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે કેતનદાસ રામાનંદીના કંઠે રામકથા ચાલુ છે મહંતશ્રી ઘેવરદાસના દર શનિવારે વિશ્વ કલ્યાણ માટે સુંદરકાંડ પાઠ કરવાની શ્રુખલામાં આજે સતત ૧૪૭મા શનિવારે કેતનદાસ મહારાજ તથા લાલદાસ બાપુના કંઠે સંગીતમય લાઈવ સુંદરકાંડ પાઠ યોજાયો આ પ્રસંગે શ્રી મહંત રામલખનદાસ મહારાજ ચારડા ,બાલકદાસ બાપુ તથા ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા મહંતશ્રી ઘેવરદાસ મહારાજે જણાવેલ કે અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે આયોજિત રામકથા નિમિત્તે ગામની ભૂરિયા ગૌશાળા ના લાભાર્થે સંતવાણી કાર્યક્રમ યોજાશે તેમાં નારણ બારોટ, બાબુશા પઠાણ, લાલદાસ બાપુ નજુપુરા, રાજલબા ઝાલા, વિક્રમ કમાલી, જગદીશ રાજપુરોહિત વગેરે ભજનીકો તથા ડાન્સર દીપિકા જાલોર ઉપસ્થિત રહેશે ક્રિષ્ના સાઉન્ડ ના સથવારે રાજારામ સ્ટુડિયો થરાદ દ્વારા લાઈવ તથા ગુરુકૃપા સ્ટુડિયો રાહના સૌજન્યથી યોજાશે ભૂરિયા ગામની પ્રાથમિક શાળા,હાઈસ્કૂલ, વનાજી ગોલિયા શાળામાં બાળકોને બટુક ભોજન અપાશે

# વીરસપૂતોને માન સાથે વંદન કરવાના કાર્યક્રમોનું આયોજન કરવા શાસ્ત્રી જયસ્વરૂપદાસે સૌ દેશભક્તોને અપીલ

ભારત દેશભક્ત નાગરિકોનો દેશ છે. જેના પ્રત્યેક વ્યક્તિના લોહીમાં રાષ્ટ્રભક્તિ વહે છે. ગત વર્ષે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત સરકાર દ્વારા આયોજિત હર ઘર તિરંગા અભિયાનને દેશવાસીઓએ ખૂબ જ સફળ બનાવી દેશની ગરિમાને જાળવી હતી. આવનારા ૨૫ વર્ષોને યુગપુરુષ વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીએ અમૃતકાળ એવું સાર્થક નામ આપ્યું છે. તેથી આ વર્ષે પણ કેન્દ્ર સરકાર મેરી માટી મેરા દેશ અભિયાનની સાથે આઝાદીનો રાષ્ટ્રીયપર્વ મનાવશે. તે અંતર્ગત આપણે સૌ ભારતવાસીઓ હર ઘર તિરંગા અભિયાન ચલાવીએ, વૃક્ષારોપણ અભિયાન ચલાવીએ, કળશયાત્રાનું આયોજન કરીએ, ભૂમિ પૂજન-વંદનનું આયોજન કરીએ, આ દેશની રક્ષા કાજે માટીમાં પોતાના જીવન ન્યોચ્છાવર કરી દેનારા વીરસપૂતોને માન સાથે વંદન કરવાના કાર્યક્રમોનું આયોજન કરવા અંકલેશ્વર ગુરુકુલના શાસ્ત્રી જયસ્વરૂપદાસે સૌ દેશભક્તોને અપીલ કરી છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું